DIVYA BHASKAR
DT.01-11-2019

## વાહનો પર લાગેલા ટેગથી ટેક્સ વસૂલાશે

# ખેડા-આણંદ ટોલપ્લાઝા પર આજથી ફાસ્ટટેગનો અમલ

## પ્રારંભિક તબક્કા બાદ અન્યત્ર અમલ થશે

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | વડોદરા

નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા રેડિયો ફ્રીક્વન્સી સિસ્ટમ આધારિત કેશલેસ ફાસ્ટટેગ સાથેની નવી સિસ્ટમ શરૂ કરવામાં આવી રહી છે. હાલ ખેડાના રઢવાણજ ટોલ પ્લાઝા તેમજ આણંદના વાસદ ટોલ પ્લાઝા પર 1 નવેમ્બરથી ટ્રાયલ બેઝ પર 100 ટકા કેશલેસ સિસ્ટમ શરૂ કરવામાં આવશે.

નેશનલ હાઈવે ઓથોરિટીના અધિકારીએ જણાવ્યું કે, લાઈનમાં ઊભા રહ્યા વગર વાહનો સીધા પસાર થાય તે માટે ખાનગી બેંકમાંથી પ્રીપેડ કાર્ડની જેમ ફાસ્ટટેગ લેવું પડશે. ફાસ્ટટેગ વાહન પર ડ્રાઈવની સાઈડમાં આગળ લગાવી રાખવાનું રહેશે. વાહન જ્યારે ટોલ પ્લાઝા પરથી પસાર થશે ત્યારે ત્યાં રેડિયો ફ્રીક્વન્સી સિસ્ટમની સાથે લગાવેલ સેંસર આ ફાસ્ટટેગને રીડ કરી જરૂરી રકમની ચુકવણી કરી લેશે.

## રોજ 2500 વાહનો પસાર થાય છે

વાસદ ટોલનાકા પરથી રોજ રઢવાણજ જવા માટે 2500 વાહનો પસાર થાયછે. જો આ વાહનો ફાસ્ટેગ નો ઉપયોગ કરે તો કેટલો સમય બચશે અને કેટલું ફ્યુઅલ બચશે તે જાણી શકાશે. સુત્રો મુજબ હાલ માત્ર 40 ટકા વાહનો ફાસ્ટેગનો ઉપયોગ કરે છે .ખાસ કંપની ના વાહનો અને ટ્રાન્સપોટર્સ પોતાના ટ્રક ડ્રાઈવરને આ ટેગ લગાવી આપે છે જેથી રોકડા પૈસા આપવા નપડે. ખાનગી કાર ચાલકો અને વાહનો હજુ ઉદાસીન છે.